Sandesh (Suppl.: Citylife)

EDII

August 18, 2024
Pg. 6

# ૩૧ ડેવલોપિંગ દેશોની વિમેન્સને આંત્રપ્રિન્યોરશિપની ટ્રેનિંગ અપાઈ

સિટી લાઈફ । ડેવલપિંગ દેશોની મહિલાઓ પણ ઉદ્યોગસાહસિકતાના ક્ષેત્રે આગળ વધે તેવા હેતુસર આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ઈન્ડિયા (EDII) એ ભારત સરકારના વિદેશ મંત્રાલયના ITEC વિભાગ દ્વારા EDII કેમ્પસ ખાતે ટ્રેનિંગ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૩૧ ડેવલોપિંગ દેશોમાંથી ૫૭ મહિલા વ્યાવસાયિકાઓ સક્સેસફુલ બિઝનેસની એક્સ્પર્ટ ટિપ્સ મેળવી હતી. તાલીમ કાર્યક્રમનો સમાપન સમારોહ યોજવામાં આવ્યો હતો. સમાપન કાર્યક્રમના મુખ્ય મહેમાન રાકેશ શંકર IAS, સચિવ, મહિલા અને બાળ વિકાસ વિભાગ ગવર્મેન્ટ ઓફ ગુજરાત હતા અને ગુજરાતના અને ગેસ્ટ ઓફ ઓનર રોહનસિંઘ, OSD TC-I વિદેશ મંત્રાલય ગવર્મેન્ટ ઓફ ઈન્ડિયાના હતા. આ પ્રસંગે EDIIના ડાયરેક્ટર જનરલ ડૉ. સુનીલ શુક્લા અને પ્રોગ્રામ ડાયરેક્ટર ડૉ. બૈશાલી મિત્રા પણ ઉપસ્થિત રહ્યા હતા.

